# પાદરા નગરપાલિકાની સામાન્ય સભામાં અધૂરા વિકાસકામો મુદ્દે બોમ્બ ફોડ્યો

**રખડતા** ઢોર અંગે પણ મહત્વપૂર્ણ ચર્ચા કરાઇ



(પ્રતિનિધિ) પાદરા, તા. 8
પાદરા નગરપાલિકાની સામાન્ય સભામાં પાલિકાના સદસ્ય રાજુભાઈ રાણા ઝુમરીએ મહત્વપૂર્ણ રજૂઆત કરી ચર્ચાનો વિષય ઉભો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પાદરા નગર અને શહેર વિસ્તારમાં અનેક વિકાસકામો મંજૂર થયેલ છે અને નગરપાલિકા દ્વારા વર્ક ઓર્ડર પણ આપવામાં આવ્યા છે, તેમ છતાં ઘણા કામો આજદિન સુધી શરૂ કરવામાં આવ્યા નથી. આ બાબતે તેમણે કડક શબ્દોમાં નારાજગી વ્યક્ત કરી હતી અને તમામ મંજૂર વિકાસકામો સમયમર્યાદામાં પૂર્ણ કરવાની માંગ કરી હતી, જેથી નાગરિકોને જરૂરી સુવિધાઓ અને વધુમાં વધુ લાભ મળી શકે.

આ ઉપરાંત, આવનારી સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં રાખી નગરપાલિકાના સદસ્યો, ખાસ કરીને મહિલા સદસ્યોને મતદારો તરફથી પૂરતો સહકાર મળી રહે તે માટે પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન અને ચીફ ઓફિસરને જરૂરી પગલાં લેવા અપીલ પણ કરી હતી. રજૂઆત બાદ સભામાં વિકાસકામોની પ્રગતિ અને જવાબદારી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આજરોજ પાદરા નગરપાલિકાની સામાન્ય સભા પ્રમુખ મનીષાબેન પટેલ, કારોબારી ચેરમેન સચિન ગાંધી અને ચીફ ઓફિસરના અધ્યક્ષસ્થાને મળી હતી. પ્રશ્નોત્તરી દરમિયાન સભ્ય પરેશ ગાંધીએ શહેરમાં રખડતા ઢોર અંગે ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રખડતા ઢોરના કારણે નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડે છે, જેથી આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તથા આ બાબતે ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા તરફથી પણ સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવે તેવી માંગ કરી હતી. આ પ્રશ્નના જવાબમાં ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે શહેર વિસ્તારમાં દબાણ દૂર કરી ખુલ્લી કરાયેલ જમીનને રખડતા ઢોર માટે ફાળવવામાં આવી છે અને ત્યાં ફેન્સીંગ પણ કરવામાં આવી છે, જેથી ઢોર ફરી શહેરમાં પ્રવેશ ન કરે અને નાગરિકોને થતી અસુવિધામાં ઘટાડો થાય. સામાન્ય સભાની શરૂઆતમાં ગત બેઠકના પ્રોસિડિંગનું વંચાણ કરી સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

# ડભોઈ શહેરમાં MGVCLની બેદરકારીથી કપિરાજનું કરુણ મોત

**ખુલ્લી ફ્યુઝ** પેટીમાં જીવંત વીજપ્રવાહ, માનવ અને પ્રાણી બંને માટે જોખમ



(પ્રતિનિધિ) ડભોઈ, તા.8
ડભોઈ શહેરના માણાપોર ચકલા વિસ્તારમાં MGVCLની ગંભીર બેદરકારીને કારણે એક કપિરાજનું કરુણ મોત નીપજ્યું છે. વિસ્તારમાં આવેલા વીજ પોલ પર લગાવાયેલી ફ્યુઝ પેટી ઢાંકણ વિના ખુલ્લી હાલતમાં હોવાના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, માણાપોર ચકલા પાસેના મકાનની અડોઅડ આવેલા વીજ પોલ પર મોટા ફ્યુઝની પેટી જોખમી રીતે ખુલ્લી હતી. તે સમયે વાનરોનું એક ટોળું વિસ્તારમાં આવ્યું હતું. પોલ પરથી નીચે ઉતરતી વેળાએ એક અબોલ અને અબૂધ કપિરાજનો હાથ જીવંત વીજ પ્રવાહ ધરાવતા ખુલ્લા ફ્યુઝને અડકી ગયો હતો. જોરદાર વીજશોક લાગતાં કપિરાજ વીજ પોલ પરથી ફેંકાઈને માર્ગ પર પટકાયો હતો અને ઘટનાસ્થળે જ તેનું મોત નીપજ્યું હતું.

કપિરાજના મોત બાદ સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતક વાનર પાસે અન્ય વાનરો કૂદાકૂદ કરતા જોવા મળ્યા હતા, જ્યારે દૃશ્ય જોઈ લોકોનું હૃદય દ્રવી ઉઠ્યું હતું. આ ઘટનાને પગલે જીવદયા પ્રેમીઓ તેમજ સ્થાનિક નાગરિકોમાં MGVCLની બેદરકારી સામે ભારે રોષ જોવા મળ્યો હતો.

સ્થાનિકોએ માંગ કરી છે કે માનવ વસતી અને પ્રાણીજીવન માટે જોખમી બનેલી ખુલ્લી વીજ ફ્યુઝ પેટીઓ તાત્કાલિક બંધ કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે, જેથી આવી કરુણ ઘટનાઓ ફરી બને નહીં.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### છોટાઉદેપુર નગરની નજરબાગ આંગણવાડીની કલેક્ટરે મુલાકાત લીધી

**છોટાઉદેપુર,** છોટાઉદેપુર નગરમાં આવેલ નજગબાગ આંગણવાડી કેન્દ્રની કલેક્ટર ગાર્ગી જૈન મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે આંગણવાડી કેન્દ્રમાં ભૂલકાઓને આપવામાં આવતી વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. કલેક્ટરએ આંગણવાડી કાર્યકરો સાથે વાર્તાલાપ કરી ભૂલકાઓને આપવામાં આવતો પોષણ આહાર, પૂર્વ પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા, આરોગ્ય તપાસ તેમજ સ્વચ્છતાની સ્થિતિ અંગે વિગતવાર જાણકારી મેળવી હતી. કલેક્ટરએ બાળકોની દૈનિક હાજરી, તેમના પોષણ સ્તર તેમજ રોજિંદી શૈક્ષણિક અને રમતીય પ્રવૃત્તિઓ અંગે આંગણવાડી કાર્યકરો સાથે ચર્ચા કરી હતી. કલેક્ટરએ કાર્યકરોને કામગીરી વધુ અસરકારક અને ગુણવત્તાસભર બને તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપ્યા હતા.



### પાદરા સ્થિત ગાયત્રી શક્તિ પીઠ મંદિર દ્વારા શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ કથા યોજાઇ



**પાદરા,** પાદરા સ્થિત ગાયત્રી શક્તિ પીઠ મંદિર દ્વારા શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ કથા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનના ઉપલક્ષમાં પાદરા ખાતે પોથીયાત્રા સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી અને ત્યારબાદ કથાનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો. મંદિર ખાતે પાંચ દિવસીય શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ કથા યોજાઈ રહી છે. હરિદ્વાર સ્થિત શાંતિકુંજ ખાતે અખંડ જ્યોતિને ૧૦૦ વર્ષ પૂર્ણ થવા, વંદનીય માતાજીના અવતરણના ૧૦૦ વર્ષ તેમજ પૂજ્ય ગુરુદેવની સાધનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થવા જેવા ત્રિવેણી સંગમના મહોત્સવની ઉજવણી પૂર્વે, અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારની પ્રેરણાથી પાદરા ગાયત્રી શક્તિ પીઠ ખાતે આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાંચ દિવસ દરમિયાન વિવિધ પ્રસંગો સાથે કથાકાર પ્રજ્ઞા પુત્રી શ્રીમતિ મીનાક્ષીબેન કાબરિયા દ્વારા ભક્તોને કથારસનું રસપાન કરાવવામાં આવશે.

### છોટાઉદેપુર નગરમાં મહિલાઓની સાડી દોડમાં ભાગ લેતા જિલ્લા કલેક્ટર




**બોડેલી,** છોટાઉદેપુર નગરમાં મહિલાઓના સ્વાસ્થ્ય, મહિલા સશક્તિકરણ, આરોગ્ય જાગૃતિ તથા સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે સાડી દોડને સાંસદ જસુભાઈ રાઠવા દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવી હતી. આ ૧ કિમીની સાદી દોડમાં નગરની વિવિધ વિસ્તારોમાંથી મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આરોગ્ય પ્રત્યે જાગૃતિનો સશક્ત સંદેશ આપ્યો હતો. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત સાડી દોડનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને શારીરિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ આવે, રોજિંદા જીવનમાં કસરત અને સક્રિયતાનું મહત્વ સમજાવવું તથા મહિલાઓ આત્મવિશ્વાસપૂર્વક દરેક ક્ષેત્રમાં આગળ વધે તે માટે પ્રેરણા આપવાનો હતો. આ સાદી દોડ મહિલાઓની શક્તિ, આત્મનિર્ભરતા અને એકતાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. આ અનોખી ૧ કિમીની દોડમાં પેટ્રોલ પંપ ચાર રસ્તાથી શરુ થઈ ઝંડા ચોક ખાતે પૂર્ણ થઈ હતી.આ સાડી દોડમાં નગરની ખુબ મોટા પ્રમાણ માં મહિલાઓ એ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં છોટાઉદેપુર સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રભાઈ રાઠવા, જિલ્લા પોલીસ વડા ઈમ્તિયાઝ શેખ, જિલ્લા વિકાસ અધિકારી, પ્રાયોજના અધિકારી, શિક્ષણ અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડભોઈના તેનતલાવની નર્મદા કેનાલમાં બાઈક સહિત બે યુવાનો ખાબક્યા





(પ્રતિનિધિ) ડભોઇ, તા.8
ડભોઈ તાલુકાના તેનતલાવ ની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલ પરથી મોટર સાયકલ પર પસાર થતા બે યુવાન પોલીસ ને જોઈ નર્મદા કેનાલના કાચા રસ્તે હંકારી ગયા હતા. જેમા સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા બંને યુવાનો મોટર સાયકલ સાથે કેનાલ માં ખાબક્યા હતા.જેમાંથી એક ને તરતાં આવડતું હોય તેનો બચાવ થયો હતો.જ્યારે બીજો ઊંડા પાણી માં ગરક થઈ જતા લાપતા બન્યો હતો. પોલીસ અને ફાયર ની ટીમો શોધખોળ હાથ ધરી છે.

ડભોઇ તાલુકાના તેના તલાવ ગામ ની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલ પાસેથી મોટર સાયકલ પર બે યુવાનો જેમા રણજીત જશુભાઈ બારીયા અને પ્રકાશ ઠાકોરભાઈ બારીયા જેસલપુર થી પારાગામ જઈ રહ્યા હતા.ત્યાંરે તેનતળાવ પાસે પસાર થતી કરજણ બ્રાંચ ની નર્મદા માઈનર કેનાલ પાસે પોલીસ ને જોઈ મોટર સાયકલ કેનાલ ના કાચા રસ્તે વાળી દિધી હતી. ત્યારે મોટર સાયકલ ચાલક યુવાને સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા નર્મદા કેનાલ માં મોટર સાયકલ સાથે ખાબક્યા હતા.જેમાં પ્રકાશ બારીયા ને તરતા આવડતું હોવાથી તે તરીને બહાર નીકળી ગયો હતો. જ્યારે રણજીત બારીયા ઊંડા પાણી માં ગરક થઈ લાપત્તા બન્યો હતો. બનાવ ની જાણ થતા બનાવ સ્થળે લોકટોળા ઉમટી પડ્યા હતા. જેની પોલીસ સહિત ફાયર બ્રિગેડની ટીમે તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરા નો એક આખો પરિવાર પણ કાર સાથે આજ કેનાલમાં મોતને શરણ થયો હતો.ત્યારે કેનાલ ની આજુબાજુ સેફ્ટી દિવાલ ઊભી કરવા માંગ ઉઠવા પામી છે.

## નરસિંહપુરામાં બિડી પીતા સમયે આગ લાગતાં પુરુષ ગંભીર રીતે દાઝ્યા

(પ્રતિનિધિ) પાદરા, તા.8
પાદરા તાલુકાના નરસિંહપુરા ગામે એક બનાવ સામે આવ્યો છે. નરસિંહપુરા તળાવની પાળે રહેતા પ્રવિણભાઇ મેલસંગભાઇ પઢીયાર (ઉ.વ. ૪૫) બિડી પીતા સમયે અકસ્માતે આગ લાગતાં ગંભીર રીતે દાઝી ગયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, વહેલી સવારે આશરે ૫ વાગ્યાના સુમારે પ્રવિણભાઈ પોતાના ઘરે એકલા સુતા હતા. તેઓ બિડી પીવાની ટેવ ધરાવતા હોવાથી ઉંઘમાંથી જાગી બિડી સળગાવતા હતા. આ દરમ્યાન સળગતી માચીસ અજાણતા તેમના ગોદડામાં પડી જતાં ગોદડામાં આગ લાગી હતી. પરિણામે તેઓ આખા શરીરે દાઝી ગયા હતા. ઘટનાની જાણ થતા પરિવારજનોએ તેમને તાત્કાલિક CHC વડુ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા.

# વાઘોડિયાના ટીંબી ખાતે જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ ઉજવાશે

**પ્રજાસત્તાક પર્વની** ઉજવણી માટે પૂર્વ તૈયારી અંગે બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.8
વડોદરા જિલ્લામાં આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પ્રજાસત્તાક દિનની જિલ્લા કક્ષાની ઉજવણી વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ટીંબી તાલુકા સેવા સદન ખાતે યોજાનાર છે. રાષ્ટ્રીય પર્વની ઉજવણી સુચારુ, શિસ્તબદ્ધ તથા ભવ્ય રીતે યોજાય તે હેતુસર આજરોજ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર અનીલ ધામેલિયાના અધ્યક્ષસ્થાને તથા જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા, પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં જિલ્લા કલેક્ટર અનીલ ધામેલિયાએ પ્રજાસત્તાક દિનના રાષ્ટ્રીય પર્વની ગરીમામય ઉજવણી થાય તે માટે જરૂરી સંકલન સાથે દરેક વિભાગ પોતાની સોંપાયેલ કામગીરી સમયસર પૂર્ણ કરે તે અંગે સૂચનાઓ આપી હતી. તેમણે કાર્યક્રમોની પૂર્વતૈયારી માટે રચાયેલી વિવિધ સમિતિઓની કામગીરીની પણ સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરાએ વિશિષ્ટ કામગીરી કરેલા નાગરિકોને સન્માનપત્ર વિતરણ દરમિયાન ગોઠવણ અને વ્યવસ્થાપનમાં કોઈ અડચણ ન આવે તે બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

## સાવલી તાલુકાના ગોઠડા ગામ નજીક ડમ્પરમાં અચાનક આગ



સાવલી તાલુકાના ગોઠડા ગામ નજીક મુખ્ય માર્ગ પરથી પસાર થતા એક ડમ્પરમાં અચાનક આગ લાગતા ભારે બિહામણા દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતાં બે ફાયર ફાઇટરો દોડી આવ્યા હતા અને કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. મળતી માહિતી મુજબ સાવલીના ગોઠડા ગામ નજીક રોડ પરથી પસાર થતો ડમ્પર નંબર GJ-17-XX-8639 માં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર ડમ્પર આગના હવાલે થઈ ગયું હતું અને ભડભડ બળવા લાગ્યું હતું. આ ઘટનાને પગલે માર્ગ પર ભારે અફરાતફરી મચી ગઈ હતી અને રાહદારીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. આગ લાગતાં જ ડમ્પરનો ચાલક સમયસર કૂદી જતાં આબાદ બચી ગયો હતો. જોકે ડમ્પર સંપૂર્ણપણે બળી ખાખ થઈ ગયું હતું. ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી.

# ક્વાંટમાં પદાધિકારીઓનો સન્માન અને અભિવાદન સમારોહ યોજાયો

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.8
છોટાઉદેપુર જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા આજરોજ ક્વાંટના ગાયત્રી મંદિર પટાંગણમાં આદિવાસી મહા સંમેલન તથા ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત મંડળ પદાધિકારીઓનો ભવ્ય સન્માન અને અભિવાદન સમારોહ યોજાયો હતો.આ પ્રસંગે આદિવાસી મહા સંમેલન અને ભવ્ય સન્માન સમારોહમાં કેબિનેટ મંત્રી નરેશ ભાઈ પટેલ ,આદિજાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ ગણપતભાઈ વસાવા છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, છોટાઉદેપુર લોકસભાના સાંસદ જશુભાઈ રાઠવા, છોટાઉદેપુર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, સંખેડા ધારાસભ્ય અભેસિંહ તડવી, જેતપુર પાવી ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા તેમજ વિવિધ મોરચાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં નવનિયુક્ત પદાધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં નવનિયુક્ત જીલ્લા પ્રમુખ અને ઉપપ્રમુખ ગુજરાત પ્રદેશ ભાજપા, ઉપપ્રમુખ ગુજરાત પ્રદેશ ભાજપા, નવનિયુક્ત જનજાતિ મોરચા ગુજરાત પ્રદેશ ભાજપ, નરેશભાઈ પટેલ, કેબિનેટ મંત્રી ગુજરાત સરકાર દ્વારા આ તમામ પદાધિકારીઓનું સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું.નવનિયુક્ત હોદ્દેદારોનું સ્વાગત કરવા માટે આદિવાસી પરંપરા મુજબ ઢોલ નગારા અને બેન્ડ દ્વારા ભવ્ય રેલી સ્વરૂપે સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રેલી સ્વરૂપે નિકળી જિલ્લાના ટૂંકા રસ્તેથી પસાર થઈ મુખ્ય માર્ગો પર ફરીને ગાયત્રી મંદિરના પટાંગણમાં કાર્યક્રમ સ્થળે પહોંચી હતી.




## વાઘોડિયા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને આયુષ મેળો યોજાયો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.8
આજરોજ કુમાર શાળા વાઘોડિયા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ગાયત્રીબેન મહિડાના અધ્યક્ષસ્થાને આયુર્વેદ શાખા વડોદરા અને પારુલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ એન્ડ રિસર્ચ, લીમડાના સંયુક્ત ઉપક્રમે આયુષ મેળો યોજાયો હતો.

આ કાર્યક્રમ દરમિયાન આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત વડોદરા અને પારુલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ એન્ડ રિસર્ચ, લીમડા વચ્ચે મહત્વપૂર્ણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ MOU અંતર્ગત વાઘોડિયા તાલુકાના આયુર્વેદ દવાખાનાઓ ખાતે વાઘોડિયા તાલુકાની તમામ આંગણવાડીઓમાં નોંધાયેલા બાળકોને કુપોષણ મુક્ત બનાવવા માટે જરૂરી આયુર્વેદિક સારવાર, પોષણ સંબંધિત માર્ગદર્શન તથા નિયમિત માવજત આપવામાં આવશે. કાર્યક્રમમાં વહીવટી તંત્રના વિવિધ ઉચ્ચ અધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાદરાથી શીરડી શ્રી સાંઈ સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા શિરડી ખાતે ધ્વજા અર્પણ કરાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા.8
પાદરા શ્રી સાંઈ સેવા સમિતિ ટ્રસ્ટ, સ્ટેશન રોડ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પાદરા થી શિરડી પગપાળા સંઘનું આયોજન કરવામાં આવ્યું હતું. સંઘના પ્રસ્થાન પૂર્વે પાદરા નગરમાં ભવ્ય પાલખી શોભાયાત્રાનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ભાગ લઈને ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.



સ્ટેશન રોડ સ્થિત સાંઈબાબાના મંદિરેથી સાંઈબાબાની પાલખી, ધજાઓ તથા પદયાત્રીઓના સંઘ સાથે પાદરાના મુખ્ય માર્ગો પરથી પાલખી શોભાયાત્રા નીકળી હતી. ત્યારે ૧૫ દિવસની પદયાત્રા પૂર્ણ કરીને તા.૦૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ શિરડી ખાતે વાજતે ગાજતે શોભા યાત્રા સાથે પાલખી યાત્રા સાથે નિજ મંદિરે પહોચી ધ્વજા ચઢાવવામાં આવી હતી આ પ્રસંગે પાદરાના અગ્રણી ઉદ્યોગપતિ હિતેશ પટેલ (મારૂતિ સિરામિક), પાદરા નગરપાલિકાના સદસ્ય સુભાષ પટેલ, કૌશિક દરજી સહિત શ્રી સાંઈ સેવા સમિતિના કાર્યકરો અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ પવિત્ર યાત્રામાં આ વર્ષે 50થી વધુ ભક્તોએ પગપાળા સંઘમાં જોડાઈ ઉમંગ અને શ્રદ્ધા સાથે ભાગ લીધો હતો. દરમ્યાન પાદરાથી કેટલાક સાઈ ભક્તો શિરડી પહોંચ્યા હતા અને શિરડી ખાતે ધ્વજાની શોભાયાત્રામાં જોડાયા હતા.

# "શિક્ષાસંકલ્પ"પ્રશ્નબેન્કનું કલેકટરના હસ્તે વિમોચન

**બોર્ડની પરીક્ષા** માટે પરીક્ષાલક્ષી "શિક્ષા સંકલ્પ" પ્રશ્નબેન્ક

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.8
છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા આગામી ફેબ્રુઆરી - માર્ચ 2026માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજાનાર ધો.10 અને ધો.12 ની પરીક્ષાને ધ્યાને લઈ નબળા વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવા માટે તૈયાર કરવામાં આવેલ "શિક્ષા સંકલ્પ" બુકલેટનું જિલ્લા કલેકટર ગાર્ગી જૈનના વરદ હસ્તે વિમોચોન કરવામાં આવ્યું હતું.

"શિક્ષા સંકલ્પ" પ્રશ્નબેન્ક વિશે માહિતી આપતા જિલ્લા શિક્ષણ અધિકારી એ.એમ. પરમરે જણાવ્યું હતું કે, જિલ્લાનું પરિણામ સારું આવે અને વિદ્યાર્થીઓ ઉત્તમ પ્રગતિ કરે તેવા ઉમદા ઉદેશ સાથે જિલ્લાના શિક્ષકોનો વર્કશોપ રાખવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં શિક્ષકો દ્વારા સંવાદ-પરામર્શ કરીને, પ્રશ્નપત્રનું માળખા અને ગુણવત્તા તથા અગાઉ પૂછાયેલા અને વારંવાર પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડ પરીક્ષા માટે પરીક્ષાલક્ષી અગત્યનું સાહિત્ય તૈયાર કરવા આવ્યું હતું.આ પ્રશ્નપત્રનો ઉપયોગ કરી નબળા વિદ્યાર્થી પણ પાસ થઈ શકશે."શિક્ષા સંકલ્પ" પી.ડી. એફ. બનાવીને તમામ શાળાઓ સુધી પહોંચાડવામાં આવી છે. આ બુકલેટમાં QR CODE મૂકવામાં આવેલ છે.